Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી વાચનમાળા

પહેલી ચોપડી



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

oundatio
urukul K

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

મુંબઈ સરકારે સને ૧૯૩૯ માં શાળાઓ માટેનાં પાઠ્યપુસ્તકોની પસંદગી કરવા તેમ જ પાઠ્યપુસ્તકો તૈયાર કરવા માટે એક સમિતિની નિમણૂક કરી હતી. એ સમિતિએ પાઠ્યપુસ્તકો સંબંધમાં કેટલાક અગત્યના સિદ્ધાંતો રજૂ કર્યા હતા. એ સિદ્ધાંતો અનુસાર પ્રાથમિક શાળાઓનાં ધોરણ ૧ થી ૪ માટે ગુજરાતી વાચનમાળા તૈયાર કરવાને નીમવામાં આવેલા નીચેની સમિતિએ આ પુસ્તક તૈયાર કર્યું છે :

૧. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ (પ્રમુખ)
૨. શ્રી. ચન્દ્રવદન ચુનીલાલ શાહ
૩. શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી
૪. શ્રી. અનંતરાય મણિશંકર રાવળ
૫. શ્રી. શંભુપ્રસાદ કૃપાશંકર બક્ષ (મંત્રી)

આ સમિતિના સભ્યોએ પોતાનું કામ ઉત્સાહપૂર્વક અને કોઈ પણ જાતનો પુરસ્કાર સ્વીકાર્યા વિના કર્યું છે તે બદલ સરકાર તરફથી હું તેમનો આભાર માનું છું.

દા. ચિં. પાવટે
સરકારી કેળવણી ખાતાના
પ્રમુખ અધિકારી, મુંબઈ પ્રાંત

પૂના, ૧૪–૧૦–૧૯૪૮


ओ३म्
पुस्तक संख्या..... ६६ ग २८(क)
पञ्जिका संख्या..... २६.६४
पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી વાચનમાળા

પહેલી ચોપડી

સ્ટોક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫





સરકારી કેળવણી ખાતું, મુંબઈ પ્રાંત

૧૯૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

ક્રમ	પાઠ	પાનું
૧.	ચાલો રમવા	૧
૨.	બે સમજુ બકરા	૨
૩.	પાદર	૩
૪.	વરસાદ	૪
૫.	સાતતાળી	૬
૬.	જો હું થાઉં	૮
૭.	હાથી ને સસલું	૯
૮.	નદીકિનારે	૧૦
૯.	આગગાડી	૧૨
૧૦.	ચોખ્ખું ઘર	૧૩
૧૧.	મેળો	૧૫
૧૨.	માણકો ખોવાયો...	૧૭
૧૩.	માણકો જડ્યો	૧૮
૧૪.	ચાડિયો	૧૯
૧૫.	દિવાળી	૨૧
૧૬.	પોપટ ભૂખ્યો નથી	૨૨
૧૭.	કામગરાં	૨૩
૧૮.	તારા	૨૬
૧૯.	વાઘ અને વાળંદ	૨૭
૨૦.	લુહારની કોઠ	૨૮
૨૧.	અમારું ખેતીકામ	૩૦
૨૨.	પકડદાવ	૩૨
૨૩.	આટી બોલી	૩૩
૨૪.	જ્યાં કોઈ ન હોય એવી જગ્યા ! ...	૩૪
૨૫.	ઝરણું	૩૫
૨૬.	સૌ એક છીએ	૩૬
	લેખનકામ	૩૭
	શબ્દયાદી	૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



૧. ચાલો રમવા

ચાલો ચાલોને બાળ સૌ રમવાને.
વન, વાડી, બગીચે ભમવાને:
ચાલો ચાલોને બાળ સૌ રમવાને.

લાલ પીળાં પતંગિયાં ઊડે છે;
આજ આપણાં હૈયાં કૂદે છે:
ચાલો ચાલોને બાળ સૌ રમવાને.

તેજ વરસે, પવન પાંખ ખોલે છે;
એમાં ઝાડી ને ઝાડવાં ડોલે છે:
ચાલો ચાલોને બાળ સૌ રમવાને.

પેલા ખેતરના પાક આંખ ઠારે છે;
એ તો જગના આનંદને વધારે છે:
ચાલો ચાલોને બાળ સૌ રમવાને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. બે સમજુ બકરા



એક નદી હતી.
નદી પર સાંકડો પુલ હતો.



એક બકરો આ કાંઠેથી આવ્યો.
બીજો સામે કાંઠેથી આવ્યો.



પુલ પર બંને ભેગા થયા
હવે આગળ શી રીતે જવાય ?



એક બકરો સમજુ હતો.
તે તરત જ નીચે બેસી ગયો.



બીજો બકરો પણ સમજુ હતો.
પેલા બકરાની ઉપર થઈને
હળવેથી તે ચાલ્યો ગયો.



સામે કિનારે જઈને તે ઘાસ
ચરવા લાગ્યો. પેલો બકરો
પણ ઊઠીને પુલ ઓળંગી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. પાદર

આ અમારા ગામનું પાદર.
આ પાદરનો વડ.
આ હવાડો.
ગામનાં ઢોર અહીં પાણી પીએ.
ઉનાળામાં વડ નીચે પરબ બેસે.
લોક અહીં વિસામો કરે.
ઠંડું મીઠું પાણી પીએ.
થાક ઉતારીને પોતાને રસ્તે જાય.
બપોરે અહીં ઘણુ વાગોળતું બેસે.
કોઈ ગોવાળિયા આરામ કરે.
કોઈ રમે, કોઈ પાવા વગાડે.
કોઈ વડવાઈ પર હીંચે.
સાંજે પંખીઓ વડ તરફ પાછાં વળે.
ડાળીઓમાં કલબલ કલબલ થઈ રહે.
રાત પડે ને સહુ જંપી જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. વરસાદ



નિશાળ છૂટવાને થોડી વાર હતી.
ખૂબ ઉકળાટ થતો હતો.
એવામાં ઠંડો પવન ફૂંકાવા માંડ્યો.
માટીની મીઠી સુગંધ આવવા માંડી.
કાળાં કાળાં વાદળ ચડી આવ્યાં.
સૂરજ ઢંકાઈ ગયો.
આકાશ ઢંકાઈ ગયું.
મોટું વાવાઝોડું વાવા લાગ્યું.
ગડડડ ! ગડડડ ! વાદળ ગાજવા માંડ્યાં.
વીજળી ચમકવા લાગી.
મોરલા ટહુકી ઊઠ્યા – મેઆઉ ! મેઆઉ !
જોતજોતામાં વરસાદ તૂટી પડ્યો.
બધાં છોકરાં બોલી ઊઠ્યાં :
આવ્યો ! આવ્યો !
વરસાદ આવ્યો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધે જ પાણી પાણી થઈ ગયું.
નેવલે પાણી.
શેરીમાં પાણી.
જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી !
જ્યાં જુઓ ત્યાં રેલંછેલ, રેલંછેલ.
બધાં છોકરાં નાચી ઊઠ્યાં.
વચમાં વચમાં વાદળ ગાજતાં હતાં.
રમાબહેન કહે:
બોલો, વરસાદને કેમ વધાવીશું ?
અમે બોલી ઊઠ્યાં: ગીત ગાઈને.
એક જણ કહે: વરસાદમાં નાહીને વળી !
પછી રમાબહેને ગીત ઉપાડ્યું.
અમે સૌ ગીત ઝીલવા લાગ્યાં:

આવ રે આવ, આષાઢી મેહુલા,
નવાં છલકાવ, આષાઢી મેહુલા.

પછી ફોરાં ઝીલતાં ઝીલતાં અમે ઘેર ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. સાતતાળી



શેરીમાં સહુ છોકરા એકઠા થયા હતા.

રઘુ કહેઃ આજે આપણે શું રમીશું ?
સંતાકૂકડી, મારદડી કે સાતતાળી ?

બધા બોલી ઊઠ્યાઃ સાતતાળી, સાતતાળી.
રઘુ કહેઃ ચાલો ત્યારે, સાતતાળી રમીએ.
કોણ દાવ લે છે ?

મધુ કહેઃ હું.

રઘુ કહેઃ જુઓ, હું સાતતાળી આપું છું.
એમ કહી તેણે તાળીઓ આપવા માંડી—
એક.....બે.....ત્રણ.....ચાર.....

બધા છોકરા તૈયાર થઈ ઊભા.
રઘુ 'સાત' બોલ્યો ત્યાં સહુ નાસવા માંડ્યા.
રઘુ પણ નાઠો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુ પકડવા દોડ્યો.
કોઈ દોડતાં દોડતાં ગબડી ગયા.
કોઈ એકબીજા સાથે અથડાઈ પડ્યા.
પડે ને ઊભા થાય.
ઊભા થાય ને નાસે.
ત્યાં તો મધુએ રસુલને પકડી પાડ્યો.
સૌ છોકરા તાળી પાડી ઊઠ્યા.
બધા એક સાથે બોલ્યા:
શાબાશ, મધુ, શાબાશ.
મધુ કહે: રસુલ, હવે તારે માથે દાવ આવ્યો.
મધુ, તું એને સાત તાળી આપ.
રસુલ કહે: હમણાં જ કોઈને પકડી પાડું છું.
સાતતાળીની રમત આગળ ચાલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. જો હું થાઉં....



આજ મને બા ! એમ થાય કે,
એમ થાય કે :
કૂકડો જો હું થાઉં !
અરે હાં, કૂકડો જો હું થાઉં !
પરોઢિયે હું વહેલો વહેલો,
ઊઠી આખા જગથી પહેલો,
એમ પુકારી ગાઉં,
અરે હાં, એમ પુકારી ગાઉં :
કૂકડેકૂ ! કૂક ! કૂકડે
આજ મને બા ! એમ થાય કે,
એમ થાય કે :
કોયલ જો હું થાઉં !
અરે હાં, કોયલ જો હું થાઉં !
સૂના સરવરની પાળેથી,
ઊંચા આંબાની ડાળેથી,
એમ પુકારી ગાઉં,
અરે હાં, એમ પુકારી ગાઉં :
કૂઊ.... ! કૂઊ.... !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. હાથી ને સસલું



એક મોટું જંગલ હતું.
એક વાર એમાં હાથીઓનું ટોળું ફરતું હતું.
ત્યાં તો ધોધમાર વરસાદ પડવા માંડ્યો.
બધા હાથીઓ ઉતાવળે જવા લાગ્યા.
એક હાથીને પગને તળિયે ખંજવાળ આવી.
તે ઊભો રહી ગયો.
તેણે પોતાનો પગ ઊંચો લીધો.
એવામાં ત્યાં એક સસલું દોડતું આવ્યું.
વરસાદથી બચવા તે હાથીના પગ નીચે ભરાઈ ગયું.
હાથી પોતાનો પગ જમીન પર મૂકવા ગયો.
પણ જુએ છે તો પગ નીચે સસલું !
તેણે પોતાનો પગ અધ્ધર જ રહેવા દીધો.
એક દિવસ થયો ; બે દિવસ થયા ; ત્રણ દિવસ થયા.
ચોથે દિવસે વરસાદ બંધ પડ્યો. સસલું દોડી ગયું.
સસલું દોડી ગયું ત્યારે જ હાથીએ પગ નીચે મૂક્યો.
કેવો દયાળુ હાથી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



નદીકાંઠે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. નદીકિનારે



આ નદી.
નદી ગામના પાદરમાં થઈને વહે છે.
નદીના પાણીમાં લોકો નહાય છે.
ઘાટ પર કોઈ કપડાં ધુએ છે.
કિનારા પાસે બાળકો પાણીમાં છબછબિયાં કરે છે.
નદીના પાણીમાં બાળકો નહાય છે.
કોઈ પાણી ઉરાડે છે; કોઈ તરે છે.

ખેડૂત બળદોને પાણી પાવા લાવ્યો છે.
પણે પેલી ભેંશો પાણીમાં પડેલી દેખાય !
કિનારે બગલાં ઊભાં છે.

પાનહારીઓ પાણી ભરીને જાય છે.
એમનાં બેડાં સૂરજના તેજમાં ચળકે છે.

કાંઠા પર મંદિર છે.
મંદિરની ધજા પવનમાં ફરફરે છે.

નદી કેવી રળિયામણી છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. આગગાડી



૧

ગડ ગડ ગડ ગડ ગાડી, દોડી જાય અગાડી.
એંજિન ભખ ભખ કરતું, સૌથી આગળ સરતું.
કદીક પી પી વાગે, સુણાય આઘે આઘે.
આવે નદીઓ આડી, આવે દરિયા–ખાડી.
પુલ પર થઇ એ સરતી, ગામ ગામ એ ફરતી.
વીંધે જંગલ ઝાડી, ગડ ગડ ગડ ગડ ગાડી.

૨

અરુણભાઇ એંજિન થઈ જાય,
પાછળ સહુ ડબ્બા જોડાય.
ગાડી ગાડી રમીએ સહુ,
સૌથી છેવાડો હું રહું.
બતાવું હું લીલી ઝંડી,
જુઓ ગાડી સરવા મંડી.
છુક છુક છુક છુક, પી–ઇ–ઇ–પી !
ખસી જજો સહુ વચમાંથી.
ગડ ગડ ગડ ગડ કરતી જાય,
ગાડી આપણી ફરતી જાય.
છુક છુક છુક છુક રમી આવ્યાં,
આખી દુનિયા ફરી આવ્યાં !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦. ચોખ્ખું ઘર



આ ઉમા ને રમેશનું ઘર છે.
એમનું ઘર નાનું સરખું છે.
એમને ઘેર નોકર નથી.
નાનાંમોટાં સૌ જાતે જ કામ કરે છે.

રોજ સવારે સૌ વહેલાં ઊઠે છે.
ઉમાના બાપુ પથારીઓ વાળે છે.
વાળીને પછી ખૂણામાં ગોઠવી દે છે.
ઉમા કચરો વાળવા માંડે છે.
રમેશ ધૂળ ઝાપટે છે.
રમેશની બા રસોડું સાફસૂફ કરે છે.
થોડી વારમાં તો બેઉ ઓરડા ચોખ્ખા!

જુઓ તો ખરા, આ ઘર કેટલું ચોખ્ખું છે!
બધી ચીજો કેવી સફાઈથી ગોઠવી છે!
એક ખૂણામાં ઉમાનું મેજ પડ્યું છે.
મેજ પર ઉમાની ચોપડીઓ છે.
ઉમાએ તે કેવી હારબંધ ગોઠવી છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીવાલ પર રમેશની પાટી લટકે છે.
બીજી બાજુ કપડાંનું એક નાનું કબાટ છે.
બધાંનાં કપડાં એમાં ગડી વાળીને ગોઠવ્યાં છે.
કબાટ પર એક નાનું ઘડિયાળ છે.
ફૂલદાનમાં થોડાં રંગબેરંગી ફૂલ છે.
એ ફૂલ રમેશે મૂક્યાં છે.

દીવાલ પર બે ત્રણ છબીઓ ટાંગી છે.
એક છબી ગાંધીજીની છે.

પેલા ખૂણામાં એક નાનકડી ટોપલી પડી છે.
એ શાને માટે હશે, વારુ ?
એમાં બધાં કચરોપૂંજો નાખે છે.
એમાં બધાં નકામી વસ્તુઓ નાખે છે.
પાસે જ બધાંનાં પગરખાં ગોઠવેલાં છે.

આખું ઘર કેવું શોભે છે !
ઉમા ને રમેશ રોજ તે ચોખ્ખું રાખે છે.
એથી બંને ખૂબ રાજી રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧. મેળા



આજે ગોકળ આઠમનો મેળો હતો.
સારાં સારાં કપડાં પહેરી અમે મેળામાં ગયાં.
મેળામાં કેટલી બધી દુકાનો !
મેળામાં કેટલા બધા લોક !

ફુગ્ગાવાળા ને રમકડાંવાળા પણ ઘણા.
મીઠાઈવાળાનો તો પાર નહિ.
એક જગ્યાએ મદારી ખેલ કરતો હતો.
પાસે ચગડોળ ફરતો હતો.
મને ચગડોળમાં બેસવાનું મન થયું.
સુરેશ કહેઃ હું પણ ચગડોળમાં બેસીશ.
લીલી કહેઃ હું પણ.
હું હાથી પર બેઠો. લીલી સિંહ પર બેઠી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુરેશ ઘોડા પર બેઠો.
ચગડોળ ફરવા માંડ્યો.
પહેલાં તો મને બીક લાગી.
જોરથી હું હાથીને વળગી પડ્યો.
બધું ચક્કર ચક્કર ફરતું હતું.
લીલીને ખૂબ મજા પડી.
ચગડોળ ફરતો જાય ને લીલી હસતી જાય.
મારી બીક જતી રહી.
હું પણ હસવા મંડ્યો.
સુરેશ તો ગાવા મંડ્યો.
એમ અમારો વારો પૂરો થયો.
મને તો ઊતરવું ગમતું ન હતું.
પણ બીજું જોવાનું કેટલું બધું બાકી હતું!
અમે મેળામાં ખૂબ રખડ્યાં; ખાવાનું લીધું;
હસતાં રમતાં સાંજે ઘેર આવ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨. માણકો ખોવાયો

સાંજે હું નિશાળેથી ઘેર આવ્યો.
બા રડું રડું થઈ રહી હતી.
બાપા પણ ન બોલે કે ચાલે.

એવામાં રવજી આવ્યો ને બોલ્યો:
કાકા, માણકાનો હજી પત્તો નથી.
બાપાએ પૂછ્યું : તું સામે પાર જઈ આવ્યો?
રવજીએ જવાબ આપ્યો :
બધે જ જઈ આવ્યો, કાકા.

માણકો અમારો નવો બળદ.
અમને સૌને એ ખૂબ ગમે.
એનાં શીંગડાં કેવાં રૂપાળાં!
કેવી રૂડી એની ચાલ!
મોતિયા ને માણકાની જોડ મનની જામે.
મોટું ખેતર તો એ એક દહાડામાં ખેડી નાખે.
ભરેલું ગાડું પણ એમને હલકું લાગે.
અમારી ગાડીએ જોડાય ત્યારે તે જોવા જેવા લાગે.

આજે મોતિયો એકલો જ ઘેર આવ્યો.
ક્યાં હશે અમારો માણકો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩. માણકો જડ્યો

માણકા વગર મને કેમેય ચેન ન પડે.
મેં પૂછ્યું : બાપા, હું શોધવા જાઉં ?
બાપા બોલ્યા : જાને ભાઇ,
તારો બોલ એને બહુ ગમતો.
તે સાંભળીને માણકો આવે પણ ખરો !

રવજી ને હું માણકાને શોધવા નીકળ્યા.
અમે તળાવ પર આવી બૂમ પાડવા લાગ્યા :
માણકા, ઓ માણકા...!

એટલામાં અમારા પડોશી કરસન પટેલ આવ્યા.
તે કહે : નથ્થુ ડોસાના આંબા નીચે માણકો ઊભો છે.
અમે તરત ત્યાં દોડી ગયા.
હું તો તેને ગળે વળગી પડ્યો !
હસતા હસતા એને અમે ઘેર
લાવ્યા. બા તો રાજી રાજી
ગઇ.



તે દિવસે માણકાને મેં જાતે ગોતર ખવડાવ્યું.
રાતે અમે સૌએ માણકાની ઘણી ઘણી વાતો કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪. ચાડિયો

મને ઓળખો છો કે ?
હું આ ખેતરનો રખવાળ છું.
ખેતરમાં તો ઘણાં જણ પેસી જાય.
પેલી ચકલીઓ ને કાબરો,
પેલા હોલા ને પોપટ,
પેલાં શિયાળ ને ભૂંડ,
બધાં ચોરની જેમ અહીં આવે.
પણ મને જોતાં જ થથરી જાય.
હું ન બોલું ; ન ચાલું.
ન હું માથું હલાવું, ન હાથ હલાવું.
ન ગણું ટાઢ કે ન ગણું તડકો.
ન જોઉં ભૂખ કે ન જોઉં તરસ.
હાલ્યા ચાલ્યા વગર હું તો ઊભો જ રહું !
છતાં મને જુએ કે સૌ દૂરથી જ ભાગે.
કહો, હું ખેડૂતનું કેટલું કામ કરું છું ?
છતાં એ મને શું કહે છે તે જાણો છો ? —ચાડિયો !
પેલાં બધાં મને ચાડિયો કહે તો ભલે ;
પણ ખેડૂત મને ચાડિયો કહે એ કેવું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



દિવાળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫. દિવાળી



દિવાળી આવી! દિવાળી આવી!
નવા વરસની વધાઇ લાવી!
જાતજાતની નવાઇ લાવી!
શેરી ઝગમગ કરતી આવી!

ઘરઘર રંગોળી પુરાય,
ઘેરઘેર તોરણ બંધાય.
દીવા ઝગમગ ઝગમગ થાય,
સુખિયા સઘળા લોક જણાય.

ફટાકડા ફડ ફડ ફૂટે છે,
હવાઈ સુસવતી છૂટે છે.
ફૂટે ઘર ઘર આતશબાજી,
બાળક સઘળાં રાજી રાજી.

દિવાળી આવી! દિવાળી આવી!
નવા વરસને તેડી લાવી!
સાલ મુબારક! સાલ મુબારક!
હોજો સૌને સાલ મુબારક!

પુસ્તકાલય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬. પોપટ ભૂખ્યો નથી...



એક પોપટનું બચ્ચું હતું.
બચ્ચું માને કહે :
બા, હવે મને ઊડતાં આવડી ગયું.
પેલા ડુંગર પર જાઉં ?
મા કહે : ના, ભાઈ, તને ભૂખ લાગે તો ?
તને ત્યાં ન ગમે તો ?
પછી પોપટની મા તો ચણ લેવા ગઈ.
લાગ જોઈને બચ્ચું ઊડી ગયું.

ઊડતું ઊડતું ડુંગર પર જઈ ને બેઠું.
પેલી બાજુ જુએ છે તો એક તળાવ !
બચ્ચાને થયું : લાવને ત્યાં જાઉં.
બચ્ચું તળાવની પાળ પર ગયું.
આંબા પર બેઠું ને પાકી મીઠી કેરી ખાવા લાગ્યું.
એટલામાં એક કોયલ આવી.
બચ્ચું કહે : કોયલબહેન, કોયલબહેન,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી માને એટલું કહેજે, તેટલું કહેજે,
પોપટ ભૂખ્યો નથી, પોપટ તરસ્યો નથી,
પોપટ સરોવરની પાળ, પોપટ આંબાની ડાળ,
બેઠો મજા કરે, બહુ મજા કરે.

કોયલ ઊડી ગઈ. પછી એક ચકલી આવી.
બચ્ચું કહે : ચકલીબહેન, ચકલીબહેન,
મારી માને એટલું કહેજે, તેટલું કહેજે,
પોપટ ભૂખ્યો નથી, પોપટ તરસ્યો નથી,
પોપટ સરોવરની પાળ, પોપટ આંબાની ડાળ,
બેઠો મજા કરે, બહુ મજા કરે.

ચકલી ઊડી ગઈ.
એટલામાં સાંજ પડવા આવી.
બચ્ચું તો ગભરાવા લાગ્યું.
ત્યાં કોઈ પાંખો ફફડાવતું આવ્યું.
અરે, આ તો બચ્ચાની મા !
મા કહે : સારું થયું ને કે કોયલે મને વાત કરી !
ચકલીએ મને વાત કરી !
ચાલ, ઘેર જઈશું ને ?
બંને જણાં ઊડતાં ઊડતાં પાછાં માળામાં પહોંચી ગયા.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭. કામગરાં

ગોપાળ રોજ ગાયો ચરાવવા જાય. એક વાર તેને રખડવાનું મન થયું. કોઇ ભાઈબંધની શોધમાં તે નીકળી પડ્યો. એવામાં એક ખિસકોલીને તેણે દોડી જતી જોઇ. તે બોલી ઊઠ્યો : ખિસકોલીબહેન ઊભાં તો રહો! ક્યાં જાઓ છો?

ખિસકોલી : ભાઇ, મારું ખાવાનું શોધું છું. દોડું નહિ તો ભૂખે જ મરું ને!

ગોપાળ : અરે, આ તો પૂંછડી પટપટાવતી દોડી ગઈ! લાવ, આ ચકલીને રોકું. અરે ચકલીબાઇ, ઊભાં તો રહો. આપણે જરા રમીએ.

ચકલી : મારે તો તણખલાંનો માળો બાંધવો છે. મને જવા દો.

ગોપાળ : આ ચકલી પણ ઊડી ગઈ! લાવ પેલી મધમાખીને પૂછું.

મધમાખી : મારે તો ભાઈ, મધ ભેગું કરવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોપાળ : શું કોઈ જ નવરું નથી ?
લાવ, આ નદીને જરા ઊભી રાખું.
બિચારી દોડી દોડીને થાકી ગઈ હશે !
નદી, ઓ નદી, જરા ઊભી તો રહે !

નદી : ના રે, ભાઈ !
મારે તો દૂર દરિયા પાસે જવું છે.
મને જવા દો.

ઊંચે સૂરજદાદા હસતા હતા.

ગોપાળ બોલ્યો : દાદા, કેમ હસો છો ?
તમે તો મારી સાથે રમો !

સૂરજ : ના રે, ભાઈ !
પછી સવાર, બપોર ને સાંજ શી
રીતે થશે ?

ગોપાળ : અરે ! સૂરજદાદા પણ ચાલ્યા !
કોઈ જ નકામું રખડતું નથી.
ચાલ, હું પણ ગાયો ચરાવવા જાઉં.

ગોપાળ ગાયો પાસે દોડી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮. તારા



ગણ્યા ગણાય નહિ.
વીણ્યા વિણાય નહિ.
છાબડીમાં માય નહિ.
તોય મારા આભલામાં નહાય.

આકાશે પલકે,
ને ઝીણું ઝીણું મલકે.
અંધારી રાતે એ દેવ કેરી આંખો,
નાનકડી ઉઘાડે તેજ કેરી પાંખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯. વાઘ અને વાળંદ

એક વાળંદ હતો.
તે બીજે ગામ જવા નીકળ્યો.
રસ્તામાં એક જંગલ આવ્યું.
જંગલમાં તેને વાઘ મળ્યો.
વાઘ કહે : ખાઉં, તને ખાઉં !
વાળંદને બીક તો લાગી. પણ તે ચતુર હતો.
કોથળીમાંથી તેણે તરત આરસી કાઢી.
પછી તે બોલ્યો : આવી જા કૂતરા !
આ એક વાઘને તો આમાં પૂરેલો છે.
હવે તારો વારો.
બે વાઘની મજાની ગાડી જોડાશે.
આમ કહી તેણે આરસી વાઘ સામે ધરી.
વાઘ જુએ તો સાચેસાચ આરસીમાં વાઘ !
તે બી ગયો : બાપ રે,
આ તો પૂરીને મને લઈ જશે !
પછી વાઘ ઊભો રહે કે ?
એ તો ઊભી પૂંછડીએ નાઠો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦. લુહારની કોઢ



અમે ગામ જવા નીકળ્યાં.
રસ્તામાં પૈડાની વાટ ઊતરી પડી.
હવે શું થાય?
થોડે દૂર રઘા લુહારની કોઢ હતી.
અમે ત્યાં ગયાં.
મોટાભાઈ તેમને કહે: રઘાકાકા, વાટ ચઢાવી આપો.
રઘાકાકા કહે: આટલું કામ પતાવી લેવા દો.
પછી તેમણે ભઠ્ઠીમાંથી એક ધગધગતો સળિયો કાઢ્યો.



તેને એરણ પર મૂકી ટીપવા મંડ્યા.
જરા વારમાં તો તવેથો તૈયાર થઈ ગયો.
પછી તેમણે તેને પાણીમાં બોળ્યો.
છમ્મ કરતો અવાજ થયો.
એક છોકરો ધમણ ચલાવતો હતો.
મેં પૂછ્યું: રઘાકાકા, હું ધમણ ચલાવું?
તે બોલ્યા: ભલે, પણ તને થાક તો નહિ લાગે ને?
મને ધમણ ચલાવવાની ખૂબ મજા પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પછી અમે બહાર ગયાં.
રધાકાકાએ વાટ જમીન પર મૂકી.
આજુબાજુ છાણાં ગોઠવ્યાં અને સળગાવ્યાં.
થોડી વારમાં તો વાટ ધગધગી ઊઠી.
રધાકાકાએ ને સોમાએ તે બહાર કાઢી.
વાટ તો લાલચોળ બની ગઈ હતી.
પછી તેમણે તેને પૈડા પર ચઢાવી.
જરા ભડકો પણ થયો.
તેમણે વાટ પર પાણી રેડ્યું.
છમ્મ છમ્મ કરતો અવાજ થયો.
તરત જ વાટ ચઢી ગઈ!
એ જોઈ અમે ખુશ ખુશ થઈ ગયાં.
પછી અમે રધાકાકાને રામરામ કર્યા.
રામરામ કરીને ગાડું દોડાવી મૂક્યું.



★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧. અમારું ખેતીકામ



અમારી નિશાળમાં એક મોટું ખેતર છે. બધાં છોકરાં ત્યાં ખેતી કરે છે.

આમાંથી અમારે ભાગે પણ જમીનનો એક નાનો સરખો ટુકડો આવ્યો હતો. તેના અમે ચાર ભાગ પાડ્યા. અમે બધાં ચાર ટુકડીમાં વહેંચાઈ ગયાં. રતુ, શારદા, જહોન ને ઝુબેદા અમારાં નાયક બન્યાં. દરેક ટુકડીએ એક એક ક્યારો લઈ લીધો. સૌથી પહેલાં અમે જમીન સાફ કરી. કાંકરા વીણી લીધા. જમીન ગોડી કાઢી. પછી રતુ ને શારદાએ તેમાં મેથી નાખી. જહોન ને ઝુબેદાએ ધાણા વાવ્યા. અમે થોડું થોડું પાણી છાંટ્યું.

પછી તો અમે રોજ ખેતરમાં જઈએ, અમારા ક્યારામાં પાણી છાંટીએ ને શું થાય છે તે ધારી ધારીને જોઈએ.

ચોથે દહાડે સોરાબે પોતાના ક્યારામાં બે ચાર લીલાં પાન ઊગેલાં જોયાં. એ બોલી ઊઠ્યો : અહોહો, અહીં તો કોથમીર ઊગવા પણ માંડી ! અમે સૌ ત્યાં દોડી ગયાં. ઝીણાં ઝીણાં પાંદડાં ફૂટ્યાં હતાં. બીજા ક્યારામાં પણ તેમ જ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારું ખેતીકામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી રોજ નવાં પાન ફૂટે ને અમે તે જોઈ રાજી થઈએ. રોજ રોજ ભાજી ને કોથમીર મોટાં થવા લાગ્યાં. થોડા દિવસમાં તો ક્યારામાં કેવી મજાની લીલી મજમ પથરાઈ ગઈ !

❀

આજે અમારે ઘણું કામ હતું. આજે અમારે ભાજી ઉતારવાની હતી. ટુકડીવાર અમે સૌ અમારા ક્યારાની આસપાસ ગોઠવાઈ ગયાં.

અમે બબ્બે ત્રણ ત્રણ છોડ લઈને ઉખેડવા લાગ્યાં. બીજાં છોકરાં છોડ ધોઈને છાબડીમાં મૂકવા લાગ્યાં. કેટલાંક ૨૫–૩૦ છોડની પણી બાંધવા મંડ્યાં.

એક કલાકમાં તો અમારું કામ પૂરું થયું. રતુના ક્યારામાંથી મેથીની ભાજીની ૧૦૦ પણી ઊતરી. શારદાના ક્યારામાંથી ૧૦૫ પણી ઊતરી. જહોને કોથમીરની ૧૨૫ પણી ગણી. ઝુબેદાની ૧૭૫ પણી થઈ. આ બધો માલ છાબડીમાં ભરી અમે નિશાળે આવ્યાં.

હવે અમે દુકાન માંડી બેઠાં. અમારામાંથી ઘણાંએ કોથમીર વેચાતી લીધી. કોઈએ મેથીની ભાજી લીધી. બીજાં બાળકો પણ તાજી તાજી ભાજી ને કોથમીર લઈ ગયાં. અમારો બધો માલ ખપી ગયો. અમને કુલ પાંચ રૂપિયા ને એક આનો મળ્યા.

બાલુભાઈ કહે : આ આપણી એક મહિનાની કમાણી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨. પકડદાવ

એક વેળા સાત છોકરા ભેગા થયા.
રવિ કહેઃ આજે તો રજા છે.
ચાલો કંઇ રમીએ.

સોમ કહેઃ રવિ, તું દોડ; હું તને પકડી પાડું.
સોમે રવિની પૂંઠ પકડી.
એક આખો દિવસ અને રાત સોમ દોડ્યો.
દોડીને રવિને પકડી પાડ્યો.

સોમ પાછળ જુએ છે તો મંગળ પકડવા આવે છે.
સોમે દોટ મૂકી.
એક આખો દિવસ ને આખી રાત દોડ ચાલી.
સવારમાં મંગળે સોમને પકડી પાડ્યો.

પછી બુધ આવ્યો ને ગુરુ આવ્યો.
શુક્ર આવ્યો ને શનિ આવ્યો.
ત્યાં રવિએ આવીને શનિને પકડી પાડ્યો.
બધાને પકડદાવમાં બહુ મજા પડી.
સોમ તરત જ કહેઃ રવિ, તું ફરી દોડ.
ચાલ, હું તને પકડી પાડું.

એમ પાછો પકડદાવ ફરી ચાલ્યો.
એ સાત જણા પકડદાવ રમ્યા જ કરે છે.
હજી એમની એ રમત ચાલ્યા જ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩. આંટી બોલી...



કાંતણકામ પૂરું થયું. અમે બધાં સાધનો ભેગાં કરતાં હતાં. રમાબહેન આંટી ઉતારતાં હતાં. તે કહેવા લાગ્યાં : જુઓ, આ આંટી કાંઈક કહે છે. સાંભળો.

અમે આંટી પાસે કાન ધર્યા. પણ કંઈ સંભળાયું નહિ. ઈંદુ કહે : બહેન, અમને તો કંઈ સંભળાતું નથી ! રમાબહેન જરા હસ્યાં. તેમણે અમને બધાંને સૂતરનો એક એક તાર આપ્યો. પછી તે કહે : આ તાર ખેંચો જોઉં !

બધાં તાર ખેંચવા લાગ્યાં. સૌના તાર તરત તૂટી ગયા. પછી રમાબહેને વિમળને પેલી આંટી આપી. તે બોલ્યાં : વિમળ, આ તોડ જોઉં !

વિમળ જોરાવર હતો. એણે બહુ મહેનત કરી. પણ આંટી તૂટી નહિ. મણિલાલે પોતાનું જોર અજમાવ્યું. હસમુખ ને કમળાએ તો સામસામાં ઊભા રહીને આંટી ખેંચી. પણ એ તૂટે જ શાની ? આખરે થાકીને બધાં બેસી ગયાં.

રમાબહેન હસી પડ્યાં ને બોલ્યાં : એકલો સૂતરનો તાર કેવો કાચો હતો ! જરાક ખેંચો કે બિચારો તૂટી જાય. પણ એવા ઘણા તાર ભેગા થયા એટલે જોયું એનું જોર ? આંટી આપણને કહે છે કે મારી જેમ ભેગાં થાઓ ; ભેગાં થશો તો કોઈ તમને તોડી શકશે નહિ.

CC-0. Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪. જ્યાં કોઈ નથી એવી જગ્યા !



એક ગુરુને ત્રણ ચેલા હતા. એક દિવસ ગુરુએ તેમને અકેકેક કેરી આપી કહ્યું : બેટા, કોઈ ન જુએ એવી જગ્યાએ જઈને ખાજો.

ચેલાઓ તો કેરી લઈ દોડ્યા. એક ઝાડની બખોલમાં સંતાયો. બીજો અંધારી ગુફામાં ગયો. પછી થોડી વારમાં ત્રણે પાછા આવ્યા. એક ચેલાએ કેરી ખાધી ન હતી.

ગુરુએ પૂછ્યું : બેટા, તેં કેમ નથી ખાધી ?

તે બોલ્યો : ગુરુજી, જ્યાં કોઈ ન હોય એવી જગ્યા મને ન મળી. હું જ્યાં ગયો ત્યાં કોઈક તો હતું જ.

ગુરુએ પૂછ્યું : કોણ હતું બેટા ?

ચેલો કહે : ભગવાન. એ તો બધી જગ્યાએ રહેલો છે.
એ સૌને જુએ છે. મારે ક્યાં જઈ ને કેરી ખાવી !

ગુરુ રાજી થઈ ને બોલ્યા : તારી વાત સાચી છે.
બેટા, સઘળે ઈશ્વરનો વાસ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫. ઝરણું



ઝરણું રમતું રમતું આવે,
ઝરણું રમતું રમતું જાય.
ઝરણું રુમઝુમ કરતું નાચે,
ઝરણું ઝમઝમ કરતું ગાય.

ઝરણું ડુંગર – કરાડ ફૂદે.
ઝરણું વન વન ખીણો ખૂંદે.
ઝરણું મારગ ધોતું દૂધે.

ઝરણું અલકમલકથી આવે,
ઝરણું અલકમલકમાં જાય.
ઝરણું રમતું રમતું આવે,
ઝરણું રમતું રમતું જાય.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬. સૌ એક છીએ

મારું ગામ હરિપુરા.
મારો દેશ હિંદ.
હું હિંદી છું.

મારા બાપા હિંદી છે. મારી બા હિંદી છે.
મારા સૌ પાડોશી હિંદી છે.
મારા દેશના સૌ લોક હિંદી છે.
એથી અમે સૌ હોંસથી ગાઈએ છીએ:

અમે હિંદી, હિંદી, હિંદી!
છે હિંદ અમારો દેશ.

ભલે અમારાં ગામ જુદાં હોય; ભલે બોલી જુદી હોય;
ભલે સૌના ધર્મ જુદા હોય; ભલે ધંધા જુદા હોય;
પણ આ દેશમાં જે જન્મ્યા તે સૌ એક છીએ.
સૌ હિંદી છીએ.
સૌ હિંદી એક છે.
સૌ એક દેશનાં બાળક છે.
તેને આપણાં વંદન હો!

જય હિંદ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખનકામ

૧. મારી હકીકત

મારું આખું નામ : .....

મારા ગામનું નામ : .....

મારી શાળાનું નામ : .....

મારી ઉંમર : .....

૨. શરીરના ભાગો

નાક કાન આંખ પગ

ઉપરના શબ્દો વાપરીને નીચેનાં વાક્યોમાં ખાલી જગા પૂરો :

૧. હું ..... વડે ચાલું છું.

૨. હું ..... વડે જોઉં છું.

૩. હું ..... વડે સાંભળું છું.

૪. હું ..... વડે સૂંઘું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. કેવો અવાજ કરે છે ?

નીચેનાં ચિત્રો કોનાં છે તે દરેકની નીચે ખાલી જગામાં લખો.




....

....



....

....

દરેક કેવો અવાજ કરે છે તે નીચે આપ્યું છે.

મ્યાઉં મ્યાઉં	ચીં....ચીં	કૂકડેકૂક
કૂઊ....કૂઊ...	ચૂં....ચૂં	હાઉ હાઉ

હવે નીચેનાં વાક્યોમાં ખાલી જગા પૂરો :

૧. કૂકડો ..... કરે છે.

૨. ..... હાઉ હાઉ કરે છે.

૩. ચકલી ..... કરે છે.

૪. કોયલ ..... કરે છે.

૫. ..... ચૂં ચૂં કરે છે.

૬. બિલાડી ..... કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. વાહન

બાબાગાડી　　ઘોડાગાડી　　ગાડું　　વિમાન
આગગાડી　　આગબોટ　　મોટર　　સાઇકલ

નીચેનાં ચિત્રો શાનાં છે તે ઉપરના શબ્દો બતાવે છે. તે વડે નીચેનાં વાક્યોમાં ખાલી જગા પૂરો :



સીતા મનુને .....બાબાગાડી..... માં બેસાડે છે.

બળદ ..... ખેંચે છે.

..... રસ્તા પર દોડે છે.

છોકરાઓ ..... પર નિશાળે જાય છે.

સિપાઇ ..... ને ઊભા રાખે છે.

..... પાટા પર દોડે છે.

..... પાણીમાં ચાલે છે.

..... આકાશમાં ઊડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. સાધનો

કોદાળી	પેન	ખૂરપી
રૂંટિયો	પાવડો	પેન્સિલ
ચાક	તકલી	ત્રાક
ડોલ	કલમ	આંકણી
પીંજણ	એટેરણ	દાતરડું

કાંતણ, બાગકામ ને લેખનકામમાં તમે જે સાધનો વાપરો છો તેનાં નામ ઉપર સેળભેળ થઈ ગયાં છે. નીચેના કોઠામાં તેમને છૂટાં પાડીને લખો :

કાંતણકામ	બાગકામ	લેખનકામ
.....	.....	.....
.....	.....	.....
.....	.....	.....
.....	.....	.....
.....	.....	.....
.....	.....	.....
.....	.....	.....
.....	.....	.....
.....	.....	.....
.....	.....	.....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. રંગ ઓળખો

પિત્તળ	દૂધ	બગલો
કોલસો	ભાજી	મેશ
પાંદડાં	કાગડો	સોનું
કંકુ	હળદર	લોહી
કાચી કેરી	મોગરાનું ફૂલ	પાકાં ટમેટાં

ઉપર થોડીક ચીજો અને પંખીઓનાં નામ આપ્યાં છે. તે દરેકનો રંગ કેવો છે તે કહો. નીચેના કોઠામાં જુદા જુદા રંગની ચીજોનાં નામ લખો :

લાલ રંગનાં	....	....	....
પીળા રંગનાં	....	....	....
લીલા રંગનાં	....	....	....
ધોળા રંગનાં	....	....	....
કાળા રંગનાં	....	....	....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. સ્વાદ

ખાટું કડવાં ગળી તીખું

ઉપરના શબ્દો લઈને ખાલી જગા પૂરો :

શેરડી ..... લાગે.

મરચું ..... લાગે.

લીંબુ ..... લાગે.

કારેલાં ..... લાગે.

卐

મરી	આમલી	મધ	સાકર
કાચી કેરી	લવંગ	મીઠું	દરિયાનું પાણી

ઉપરની ચીજોને તેમના સ્વાદ મુજબ જુદી પાડો :

બે ખાટી ચીજો		
બે ગળી ચીજો		
બે ખારી ચીજો		
બે તીખી ચીજો		

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. ઊલટા શબ્દો

ધોળો	પાતળી	રડે
ટૂંકી	નીચો	ભરેલી

ઉપરના શબ્દો લઈને ખાલી જગા પૂરો :



તાડનું ઝાડ ઊંચું છે.

કપાસનો છોડ ..... છે.

ઝુબેદા હસે છે.

કરીમ ..... છે.

કાગડો કાળો છે.

બગલો ..... છે.

થડ જાડું છે.

ડાળી ..... છે.

ડોલ ખાલી છે.

કૂંડી ..... છે.

વાંદરાની પૂંછડી લાંબી છે.

હાથીની પૂંછડી ..... છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. હુસેનની યુક્તિ

બાજુમાંનાં ચિત્રો જોઈને નીચેનાં વાક્યોમાં ખાલી જગા પૂરો :



રુસ્તમ કહે : સોરાબ, આ કાગળ
..... માં નાખી આવ.

રસ્તામાં ..... ને હુસેન મળ્યો.
ટપાલપેટી પાસે બેઉ પહોંચી ગયા.

સોરાબ પેટીમાં ..... નાખવા ગયો.
પણ પેટી ઘણી ..... હતી.

પછી ..... કાગળ નાખવા ગયો.
તે પણ ..... માં કાગળ નાખી
શક્યો નહિ.
..... કૂદકો માર્યો.
હુસેને ..... માર્યો.
પણ કાગળ નખાયો નહિ.

હુસેનને એક યુક્તિ સૂઝી.
તે જમીન પર ..... થઈ ગયો.

પછી સોરાબ તેની ઉપર ચડી ગયો,
ને કાગળ ..... માં નાખી દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દયાદી

(અભ્યાસ અને લેખન માટે)

૬	ઊઠ્યાં	તળિયે	ચકકર	૧૩
પતંગિયાં	જ્યાં	ખંજવાળ	રખડ્યાં	સાંભળીને
ઝાડવાં	ત્યાં	દયાળુ	૧૧	નીકળ્યા
૨	સાંભળ્યા	અધ્ધર	સરખું	નથ્થુ
સાંકડો	ઉપાડ્યું	ત્રણ	પથારીઓ	ખવડાવ્યું
ઓળંગી	૫	મૂક્યો	સફાઈથી	૧૪
ઊઠીને	સંતાકૂકડી	૮	ખૂણામાં	શિયાળ
હળવેથી	મારદડી	કિનારે	ચોપડીઓ	ભૂંડ
આવ્યો	સાતતાળી	છબછબિયાં	હારબંધ	ચાડિયો
વચ્ચે	અથડાઈ	ભેંશો	કપડાંનું	હલાવું
પહોંચ્યા	હમણાં	પનિહારીઓ	ઘડિયાળ	હાલ્યાચાલ્યા
લાગ્યો	શાબાશ	મંદિર	ફૂલદાનમાં	૧૫
૩	ત્રણ	રળિયામણી	રંગબેરંગી	વધાઈ
ઉનાળામાં	મંડ્યા	લાવ્યો	છબીઓ	રંગોળી
વાગોળતું	દોડ્યો	૯	ગાંધીજીની	સુંઘ્યા
વિસામો	પડ્યા	એંજિન	નાનકડી	સૂસવતી
ગોવાળિયા	પાડ્યો	દરિયા-ખાડી	કચરોપૂંજો	આતશબાજી
વડવાઈ	બોલ્યા	અરુણભાઈ	પગરખાં	મુબારક
ડાળીઓમાં	૬	વચમાંથી	ચોખ્ખા	૧૬
રસ્તે	કૂકડો	ડબ્બા	ગોડવ્યાં	ઊડતાં
૪	થાઉ	૧૦	વસ્તુઓ	એટલામાં
છૂટવાને	પરોઢિયે	આઠમ	૧૨	ગભરાવા
કૂકાવા	સૂના	રમકડાંવાળા	નિશાળેથી	ફફડાવતું
ઢકાઈ	ઊંચા	મીઠાઈવાળા	શીંગડાં	જઈશું
વાવાઝોડું	૭	ચગડોળમાં	દહાડામાં	પહોંચી
વધાવીશું	ટોળું	બેસવાનું	પત્તો	બચ્ચું
ઝીલતાં	ઘોબમાર	ઊતરવું	પૂછ્યું	ભૂખ્યો
માંઝો	ઉતાવળે	કુક્કાવાળા	કર્યા	તરસ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭
રખડવાનું
ભાઈબંધની
ખિસકોલીને
ખાવાનું
પટપટાવતી
ચકલીબાઇ
તણખલાંનો
મધમાખી
નવરું
બિચારી
રખડતું

૧૮
વિણાય
છાબડીમાં
આભલામાં
નાનકડી
ઝીણું
ગણ્યા

૧૯
વાળંદ
કોથળીમાંથી
કૂતરો
પૂરેલો
નીકળ્યો

૨૦
પૈડાની
ઊતરી
કોઢ
ધગધગતો
સળિયો
તવેથો
ચલાવવાની
ખૂબ
આજુબાજુ
લાલચોળ
ભઠ્ઠીમાંથી
કાઢ્યો
બોળ્યો
છમ્મ
ગોઠવ્યાં
સળગાવ્યાં
રેડ્યું
કર્યા

૨૧
પૂંઠ
ગુરુ
પકડદાવ
દાઝ્યો
થુક
રમ્યા
ચાલ્યા

૨૨
ટુકડો
વહેંચાઇ
જ્હોન
ઝુએદ્રા
છાંટીએ
ઊગેલાં
કોથમીર
પથરાઇ
ઉતારવાની
ઉખેડવા
છાબડીમાં
રૂપિયા
મહિનાની
બન્યાં
ક્યારો
વાવ્યા
છાંટ્યું
ફૂલ્યાં

૨૩
કાંતણકામ
આંટી
ઊતારતાં
સાંભળો
સંભળાયું
વિમળ
જોરાવર
મહેનત
હસમુખ
ખેંચો
પૂરું
હરિયાં
અજમાવ્યું

૨૪
જગ્યા
અકેકક
સંતાઈને
ઈશ્વર

૨૫
ઝરણું
રુમઝુમ
ખૂંદે
અલકમલક

૨૬
પાડોશી
જન્મ્યા

લેખનકામ

હકીકત
ઉંમર
સાંભળું
સૂંઘું
બિલાડી
ચૂંચૂં
ઘોડાગાડી
આગબોટ
વિમાન
સાઇકલ
સિપાઇ
પીંજણ
અટેરણ
દાતરડું
હળદર
રોરડી
ટૂંકી
ઊંચું
ટપાલપેટી
પહોંચી
ગજ્યો
મ્યાઉં
પેન્સિલ
ત્રાક
પિત્તળ
રુસ્તમ
શક્યો
માર્યો
યુક્તિ

卐

જય હિંદ !

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल काँगड़ी, हरिद्वार
६७१
२८७
२६,०६४
Date | No. | Date | No.
31 AUG 1962
क्र ६७१३१

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિંમત પાંચ આના

મુદ્રક : આ. ગ. હરદેકર, કર્ણાટક મુદ્રણાલય, ૬૦૩ શીવ, મુંબઇ ૨૨
પ્રકાશક : સરકારી કેળવણી ખાતું, મુંબઈ પ્રાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar